# અમરોલીની પરિણીતા સાથે ઈમોશનલ બ્લેકમેલિંગ

**યુવકે** હોટલના રૂમમાં ફોટા પાડી બ્લેકમેલિંગ શરૂ કર્યું, દુષ્કર્મ આચરતો રહ્યો

સુરતઃ અમરોલીની એક પરિણીતાએ કતારગામના યુવક સામે ગંભીર આક્ષેપો સાથે બળાત્કારની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી છે. આરોપ છે કે મિત્રતાનો લાભ લઈ યુવકે પહેલા હોટલમાં બોલાવી ફોટા પાડી બ્લેકમેઈલ શરૂ કર્યું અને ત્યારબાદ અવારનવાર શારીરિક શોષણ કરતો રહ્યો હતો.

પીડિતા મૂળ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના માલસિકા ગામની વતની છે અને હાલ અમરોલી વિસ્તારમાં રહે છે. ત્રણ વર્ષ પહેલાં તેની ઓળખ કતારગામના ધનમોરા પાસે બળવંત નગર સોસાયટીમાં રહેતા અલ્પેશ ગેડીયા સાથે થઈ હતી. મિત્રતા બાદ આરોપીએ પીડિતાને જણાવ્યું કે તેના પર દેવું થઈ ગયું છે અને તેની પત્ની તેને છોડીને જતી રહી છે. પત્નીને સમજાવવા માટે રૂબરૂ મુલાકાત ગોઠવવાની વાત કહી પીડિતાને અમરોલી વિસ્તારની એક હોટલમાં બોલાવી હતી. ફરિયાદ મુજબ, હોટલની રૂમમાં પહોંચતા આરોપીની પત્ની હાજર ન હતી. આ દરમિયાન આરોપીએ રૂમની અંદર પીડિતાની સાથેના ફોટા પાડી લીધા અને તે ફોટા પતિને બતાવી દેવાની ધમકી આપી બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યા. પીડિતાનો આક્ષેપ છે કે ત્યારબાદ પણ આરોપી અવારનવાર હોટલમાં બોલાવી બ્લેકમેઈલ કરતો અને મારઝૂડ સાથે શારીરિક શોષણ કરતો રહ્યો. ઘટનાથી કંટાળેલી પરિણીતાએ અંતે સમગ્ર હકીકત પતિને જણાવી અને અમરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી. પોલીસે અલ્પેશ નાથાભાઈ ગેડીયા સામે બળાત્કાર સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

# વ્યસનને લઈ પત્ની સાથે થયેલા ઝઘડામાં પતિએ ફાંસો ખાધો

સુરતઃ મુળ ઉત્તર પ્રદેશનમાં કૌશામ્બીના વતની અને હાલ પલસાણામાં રહેતા ૨૫ વર્ષિય દિલીપકુમાર સુરેશકુમાર રાજપૂત મીલમાં કામ કરી પત્ની અને બે સંતાન સહિતના પરીવારનું ગુજરાન ચલાવતા હતા. દરમિયાન દિલીપકુમારને વ્યસન હોવાને પગલે પત્નિ સાથે ઝઘડો થયો હતો, જેથી પત્નિ સંતાનોને લઈ પાંડેસરા આર્વિરભાવ સોસાયટીમાં આવેલ પિયરમાં જતી રહી હતી. જ્યાં શનિવારે દિલીપકુમાર વ્યસન માટે રૂપિયા માંગવા જતાં ફરી દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. દિલીપકુમાર ત્યાંથી નીકળી પાંડેસરના રામેશ્વરનગરમાં આવી બિલ્ડિંગના એંગલ સાથે ચાદર બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# ડે.કમિ. સ્વાતિ દેસાઈએ રાજીનામું પાછું ખેંચી લીધું

**સ્વાતિ** દેસાઈને કોઈ બાંહેધરી મળ્યાની ચર્ચા, વિપક્ષે સ્વાતિ દેસાઈ પર થયેલા આક્ષેપોની તપાસની માંગ કરી

સુરતઃ સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં છેલ્લા દસ દિવસથી ચાલતી ગૂંચવણનો અચાનક અંત આવ્યો છે. ડેપ્યુટી કમિશનર 'સ્વાતિ દેસાઈ'એ રાજીનામું ગુપચુપ રીતે પરત ખેંચી લીધું છે. પરિવાર અને મિત્રોની સમજાવટ તથા 'શહેર હિત'ના બહાને લેવાયેલો આ યુ-ટર્ન હોવાની દલીલ કરવામાં આવી રહી છે, પરંતુ અંદરખાને કંઈક 'રંધાયું' હોવાની ચર્ચા વધુ તીવ્ર બની છે.

ચર્ચા મુજબ ઉધના ઝોન જેવી જાહેર સંપર્કવાળી જવાબદારીઓ, કામનો વધતો ભાર, ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટના વિવાદના છાંટા પડવાની ભીતિ અને પૂર્વ કમિશનરની નજીક ગણાતા સમયગાળા દરમિયાન સાથી અધિકારીઓ સાથેના વર્તનને લઈને બાદમાં તત્કાલિન કમિશનર શાલિની અગ્રવાલની નજરમાંથી ઉતરી જવાના કારણે સ્વાતિ દેસાઈએ રાજીનામું આપ્યું હોવાનું મનાય છે. પરંતુ માત્ર દસ દિવસમાં જ રાજીનામું પરત ખેંચાતા 'રાજકીય આકા'ઓ અથવા વર્તમાન કમિશનરની કોઈ બાંહેધરી મળ્યાની શંકા વ્યક્ત થઈ રહી છે.

આંતરિક વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે ફાયનાન્સ વિભાગ સિવાયની મોટી જવાબદારીઓ નહીં આપવા અને ઝોનની જવાબદારીમાંથી મુક્તિ આપવાની શરતે રાજીનામું પરત લેવાયું છે. દરમિયાન વિપક્ષી નેતા પાયલ સાકરિયાએ સ્વાતિ દેસાઈના રાજીનામા મુદ્દે તેમના પર થયેલા આક્ષેપોની તપાસ કરવા માંગ ઉઠાવી છે.

# આજથી હોળાષ્ટક, લગ્ન સહિતના શુભ પ્રસંગ નહીં થાય

**હોલિકા** દહન બાદ માર્ચ, એપ્રિલ, મે માસમાં ધૂમ લગ્ન યોજાશે



સુરતઃ હોળી હિન્દુ ધર્મનો એક મહત્વપૂર્ણ અને આનંદમય તહેવાર છે, જે વસંતઋતુના આગમન અને અધર્મ પર ધર્મની જીતનું પ્રતીક માનવામાં આવે છે. હોળી સાથે સંકળાયેલ હોલિકા દહન, ધૂળેટી તેમજ તેના પૂર્વનો હોળાષ્ટક સમયગાળો ધાર્મિક દૃષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. હિન્દુ ધર્મમાં આ સમયગાળા દરમિયાન શુભ-માંગલિક કાર્ય કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે ગ્રહોની સ્થિતિ નકારાત્મક અસરકારક માનવામાં આવે છે. હોળાષ્ટક દરમિયાન લગ્ન, સગાઇ,ઘર પ્રવેશ (ગૃહપ્રવેશ),નામકરણ, મુંડન,હવન, યજ્ઞ,મોટા વ્યવસાય, નવી શરૂઆત, નવા ઘર-વાહન ખરીદી વગેરે વર્જિત ગણાય છે. હોળાષ્ટક પુર્ણ થતાં જ લગ્ન મુહૂર્ત, શુભ પ્રસંગોનો પ્રારંભ થશે.વર્ષ 2026 માં હોળી અને હોળાષ્ટકને ધ્યાનમાં રાખીને જોવામાં આવે તો, 4 માર્ચ પછીનો સમય લગ્ન માટે અત્યંત અનુકૂળ છે. ખાસ કરીને એપ્રિલ અને મે મહિનામાં અનેક શુભ મુહૂર્તો ઉપલબ્ધ હોવાથી લગ્ન આયોજન માટે આ સમયગાળો શ્રેષ્ઠ માનવામાં આવે છે. વર્ષ 2026 માં હોલિકા દહન 3 માર્ચ 2026 (મંગળવાર) ના રોજ યોજાશે. હોલિકા દહન પછી રંગોત્સવ એટલે કે ધૂળેટી 4 માર્ચ 2026 (બુધવાર) ના રોજ ઉજવાશે. હોલિકા દહન બાદ માર્ચ, એપ્રિલ, મે માસમાં ધૂમ લગ્ન સીઝન માટે પાર્ટી પ્લોટ,મેરેજ હોલ એડવાન્સમાં બુક થઈ ગયાં છે. હોળાષ્ટક પુર્ણ થાય તેની કાગડોળે રાહ જોતાં વેપારીઓને લગ્નસરાની ધુમ ખરીદીની આશા છે. લગ્નવિધિ માટે ગોર મહારાજની ડિમાન્ડ વધી જાય છે.

## હોળી પછી લગ્ન માટેની શુભ તારીખો

**સુરતઃ** હોળી બાદ માર્ચ મહિનામાં લગ્ન માટે નીચેની તારીખો શુભ માનવામાં આવે છે.

**માર્ચ 2026:** 8 માર્ચ 2026 - રવિવાર,9 માર્ચ 2026 - સોમવાર,11 માર્ચ 2026 - બુધવાર,12 માર્ચ 2026 - ગુરુવાર

**એપ્રિલ 2026:** એપ્રિલ મહિનો લગ્ન માટે ખાસ અનુકૂળ ગણાય છે. આ મહિનામાં ઘણી પરંપરાગત અને લોકપ્રિય તારીખો ઉપલબ્ધ છેઃ 15 એપ્રિલ 2026 - બુધવાર,20 એપ્રિલ 2026 - સોમવાર, 21 એપ્રિલ 2026 - મંગળવાર, **25 એપ્રિલ 2026:** શનિવાર,26 એપ્રિલ 2026 - રવિવાર, 27 એપ્રિલ 2026 - સોમવાર, 28 એપ્રિલ 2026 - મંગળવાર, 29 એપ્રિલ 2026 - બુધવાર

**મે 2026 :** તેમજ મે મહિનો પણ લગ્ન માટે ઉત્તમ સમય માનવામાં આવે છે. આ દરમિયાન નીચેની તારીખો શુભ છેઃ 5 મે 2026 - મંગળવાર, 7 મે 2026 - ગુરુવાર,9 મે 2026 - શનિવાર, 10 મે 2026 - રવિવાર

# પાર્ટ ટાઈમ જોબ નામે ઠગાઈમાં કેસમાં બે ઝડપાયા

**યુપીઆઈ** ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રીના આધારે પોલીસ આરોપી સુધી પહોંચી

સુરતઃડિંડોલી વિસ્તારમાં 'ઘરે બેઠા કમાણી'ની લાલચ આપી પરિણીતાની સાથે કરાયેલી ઓનલાઈન છેતરપિંડી કેસમાં પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે ટેક્નિકલ એનાલિસિસ અને બેંક ટ્રેલના આધારે આરોપીઓને વડોદરાથી પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ડિંડોલી અંબિકા ટાઉનશીપ નજીક પ્રયોશા ઓર્ચિડમાં રહેતી દીપ્તિ કમલેશકુમાર વાણી (ઉ.વ. 40) સાથે ઘરે બેઠા કમાણીની ઓફર કરી 76,800 ટ્રાન્સફર કરાવાયા હતા. જેમાંથી માત્ર રૂ. 6,470 પરત મળ્યા, જ્યારે રૂ. 70,330 અને કમિશનની રકમ અટકાવી છેતરપિંડી કરવામાં આવી હતી. આ કેસમાં ગુનો દાખલ થયો હતો. તપાસ દરમિયાન વિપુલ કમલેશ દલસિંગ ભાંભોર (ઉ.વ. 23, રહે. મહાવીર નગર, ઈલોરા પાર્ક, શુભનપુરા આઈટીઆઈ રોડ, વડોદરા; મૂળ ધાવડીયાગામ, તા. ઝાલોદ, દાહોદ) અને ઉદય નારાયણલાલજી પ્રજાપતિ (ઉ.વ. 27, રહે. પ્રકૃતિ એમ્પાયર, ગોરવા, શુભનપુરા આઈટીઆઈ પાસે, વડોદરા; મૂળ ભીમ, રાજસમંદ, રાજસ્થાન)ના નામ સામે આવ્યા હતા.પોલીસે બેંક ખાતાની વિગતો, મોબાઈલ નંબર, સીમ કાર્ડ KYC અને યુપીઆઈ ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રીના આધારે આરોપીઓ સુધી પહોંચી ધરપકડ કરી છે.

## નિરંકારી ફાઉન્ડેશન દ્વારા તાપીના કાંઠાની સફાઇ



પ્રોજેક્ટ અમૃતના હેઠળ 'સ્વચ્છ જળ, સ્વચ્છ મન' અભિયાનના ચોથા તબક્કાનું ભવ્ય તથા પ્રેરણાસ્પદ આયોજન સદગુરુ માતા સુદીક્ષાજી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિતજીના માર્ગદર્શન હેઠળ ભારતભરનાં ૨૫ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં ૯૩૦ શહેરમાં ૧૬૦૦થી વધુ સ્થળે સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું, જેમાં લગભગ ૧૨ લાખ સ્વયંસેવકે ભાગ લીધો હતો. નાનપુરામાં નાવડી ઓવારો, વરાછામાં રામજી ઓવારો, ડિંડોલી તળાવ, સણિયા તળાવ, બોણદ તળાવ તથા ડુમસ ચોપાટી જળસ્ત્રોતોની સફાઈ કરવામાં આવી હતી.

# સદી બાદ હોળીના તહેવારે બનતો દુર્લભ ખગોળીય સંયોગ

**ભદ્રા** કાળ અને ચંદ્રગ્રહણના પ્રભાવને કારણે હોળિકા દહન અને ધુળેટી વચ્ચે 24 કલાકનું અંતર

સુરતઃ વર્ષ 2026માં રંગોત્સવ હોળી અનોખા અને લગભગ સદી પછી બનતા દુર્લભ ખગોળીય સંયોગ સાથે ઉજવાશે. પંચાંગ અનુસાર આ વખતે 3 માર્ચને બદલે 4 માર્ચે ધૂળેટી ઉજવાશે. ભદ્રા કાળ અને પૂર્ણ ચંદ્રગ્રહણના સંયુક્ત પ્રભાવને કારણે હોળિકા દહન અને રંગ રમવાના દિવસે લગભગ 24 કલાકનું અંતર રહેશે. પરંપરા મુજબ પૂર્ણિમાની રાત્રે હોળિકા દહન અને બીજા દિવસે રંગોત્સવ ઉજવાય છે. પરંતુ 2 માર્ચ 2026, સોમવારની રાત્રે પૂર્ણિમા સાથે ભદ્રાનો પ્રારંભ થવાને કારણે દહન ભદ્રા પૂર્ણ થયા બાદ જ કરવામાં આવશે. ભદ્રા 3 માર્ચે રાત્રે 12:50 વાગ્યે પૂર્ણ થશે, ત્યારબાદ 12:50 થી 2:02 સુધીનો મુહૂર્ત હોળિકા દહન માટે શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. તા. 3 માર્ચ 2026, મંગળવારે પૂર્ણ ચંદ્રગ્રહણ રહેશે, જે ભારતભરમાં સ્પષ્ટ જોવા મળશે. ગ્રહણ બપોરે 3:19 થી સાંજે 6:47 સુધી રહેશે અને સુતક સમય અગાઉથી લાગુ પડશે. ધાર્મિક માન્યતા મુજબ ગ્રહણ અને સુતક દરમિયાન ઉત્સવ, ભોજન અને રંગ રમવું વરજિત ગણાય છે, તેથી 3 માર્ચે ધૂળેટી ઉજવાશે નહીં. ગ્રહણ પૂર્ણ થયા બાદ 4 માર્ચ 2026, બુધવારે ધૂળેટી ઉજવાશે.

# સરકારી વકીલ સુખડવાલાની નકલી IDથી રૂપિયા મંગાયા

**પોતાનાં** ફેસબુક આઈડીથી મિત્રોને સાવચેત કરતાં નયન સુખડવાલા, સાયબર ક્રાઈમ પોલીસને જાણ કરાઈ

## સીઆરપીએફ જવાનનાં નામે પૈસા મંગાયા

સુરતઃ મુખ્ય સરકારી વકીલ નયન સુખડવલાના નામનું બોગસ આઈડી પ્રોફાઈલ બનાવી તેમના મિત્રો વર્તુળો પાસેથી સીઆરપી જવાનના નામે પૈસા માંગવામાં આવ્યાં હતા

સુરતઃ મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાના ધ્યાન પર આવ્યું હતું કે તેમના નામ અને ફોટોગ્રાફનો ઉપયોગ કરીને કોઈ અજાણ્યા વ્યક્તિએ ફરીથી ખોટું એકાઉન્ટ બનાવી ઓળખીતાઓને મેસેજ મોકલ્યા હતા. મેસેજમાં તાત્કાલિક આર્થિક જરૂરિયાત જણાવી ઓનલાઇન પૈસા ટ્રાન્સફર કરવા વિનંતી કરવામાં આવી હતી.આ અંગે તેમના મિત્રવર્તુળ અને ઓળખીતાઓને સાવચેત રહેવા અપીલ કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓએ કોઈ નવી આઈડી બનાવી નથી અને તેમના નામે આવતી ફ્રેન્ડ રિકવેસ્ટ અથવા પૈસાની માંગણીવાળા મેસેજને અવગણવા વિનંતી કરી છે.સાયબર ક્રાઈમ પોલીસને જાણ કરાય હતી.

# પત્ની સાથે ઝઘડો થતાં પતિએ ઘરમાં આગ લગાવી

સુરતઃ ઉધના વિસ્તારમાં પત્ની સાથે ઝગડો થયા બાદ પતિએ ઘરમાં જ આગ લગાવી દીધી હતી.

વિજયનગરમાં રહેતા સુનિતા દીપક પાટીલના મકાનમાં બપોર દરમિયાન અચાનક આગ લાગી હતી. જેથી લાશ્કરોએ ઘટના સ્થળે જઈને આગને કાબૂમાં લીધી હતી. ફાયર ઓફિસર નરોત્તમ ખલાસીએ જણાવ્યું હતું કે, સુનિતા પાટીલ અને તેમના પતિ વચ્ચે અગાઉ ઝઘડો થયો હતો.

ત્યારબાદ સુનિતા પોતાની પુત્રીને સ્કૂલ મૂકવા ગઈ હતી. આ દરમિયાન તેમનો પતિ ઘરમાં આગ લગાવીને ફરાર થઈ ગયો હતો. દરમિયાન પાડોશમાં રહેતા આશારામ રાજપૂત (ઉં.વ.22) ગેસ સિલિન્ડર બહાર લઈ જતી વખતે તેમના ડાબા હાથમાં સામાન્ય ઈજા પહોંચી હતી.

## 26 ,000થી વધુ વિઝિટર્સ ઉમટી પડ્યા

# સીટેક્ષમાં 1500 કરોડથી વધુના ઓર્ડર્સની આશા

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા આયોજિત 'સીટેક્ષ - સુરત ઈન્ટરનેશનલ ટેક્સ્ટાઈલ એક્સ્પો 2026'નું સોમવારે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે સફળ સમાપન થયું હતું. આ ત્રિ-દિવસીય એક્સ્પોએ ટેક્સ્ટાઈલ મશીનરી અને ટેકનોલોજી ક્ષેત્રે નવા સીમાચિહ્નો સ્થાપિત કર્યા છે. 26000થી વધુ બાયર્સ અને વિઝિટર્સની મુલાકાત સાથે એક્ઝિબિટર્સને આગામી ત્રણથી ચાર મહિનામાં રૂ. 1500 કરોડથી વધુના ઓર્ડર્સ મળવાની અપેક્ષા છે.

એક્સ્પોમાં ગુજરાતના અમદાવાદ, ભાવનગર, ભુજ, અમરેલી, પાટણ, સિદ્ધપુર, સુરેન્દ્રનગર, વીરપુર અને અબ્રામા, મહારાષ્ટ્રના મુંબઈ, પૂણે, નાશિક, ઔરંગાબાદ, કોલ્હાપુર, સોલાપુર, માલેગાવ અને ઈચ્છલકરંજી, ઉત્તર ભારતના નવી દિલ્હી, ગાઝિયાબાદ, અંબાલા, વારાણસી, ઈટવા, પ્રતાપગઢ અને બદરીનાથપુરી, રાજસ્થાનના ભિલવાડા, જોધપુર, બિકાનેર અને ડુંગરપુર, દક્ષિણ ભારતના બેંગ્લોર, ચેન્નાઈ, હૈદરાબાદ, કોઈમ્બતુર, ઈરોડ, તિરૂપુર અને સેલમ (સિલચુર), અન્ય રાજ્યો કોલકાતા, ઈન્દોર અને બકસરના બાયર્સ ઉમટી પડ્યા હતા.

# ઉધનામાં જૂના ઝઘડાની અદાવતમાં પૂર્વ મિત્રનો જીવલેણ હુમલો

સુરતઃ ઉધના આશા નગર સોસાયટીમાં રહેતા ઈરફાન અલીમુદ્દીન શેખને અગાઉ તેમના જ વિસ્તારમાં રહેતા જૈમિન પંચોલી સાથે મિત્રતા હતી. જો કે ત્યારબાદ ઝગડો થઈ ગયો હતો. દરમિયાન

ઈરફાન સૈયદપુરા ખાતેથી અનાજ લઈ પોતાની એક્ટિવા પર ઘરે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન તે ઉધનાની ધર્મયુગ સોસાયટીના ગેટ પાસે ઊભા હતો ત્યારે જૈમિન પંચોલી ત્યાં આવી પહોંચ્યો અને ચપ્પુ બહાર કાઢી ઈરફાન પર હુમલો કર્યો. કમર, ડાબા પગ, સાથળના ભાગ અને જમણા હાથ પર ઉપરાછાપરી ઘા મારતા ઈરફાન લોહીલુહાણ થઈ ગયો હતો. હુમલા બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

## ડોલર પ્રેમ, આવક ડોલરમાં કમાવાની લ્હાયમાં આખી જિંદગીની જમાપૂંજી હોમી દીધી

# 400 દિવસમાં ડબલની લાલચ આપી રૂ.1.02 કરોડની ઠગાઈ

**વડોદરાની** 'સ્પાર્ક વર્લ્ડ બરહાડ' કંપનીના સંચાલકોએ સુરત-વ્યારામાં સેમિનાર યોજી શિક્ષક સહિત ૩૧ રોકાણકારને રડાવ્યા

## કેટલા રોકાણકારોના કેટલા પૈસા ગયા?

૧.મણીલાલ બાબલાભાઇ ગામીતએ પોતાના અને સગા સબંધી નામે ૨૬.૩૫ લાખ રોકાણ કર્યું

૨.કેતનભાઇ કિશોરભાઇ ચૌધરીઃ ૨ રોકાણકારો મારફતે રૂ. ૮,૫૮,૦૦૦.

૩.મિતલકુમાર અરવિંદભાઇ ચૌધરીઃ ૪ રોકાણકારો મારફતે રૂ. ૩,૪૦,૦૦૦.

૪.રણજીતભાઇ બાબુભાઇ ગામીતઃ રૂ. ૧૭,૦૦,૦૦૦.

૫.સંગીતાબેન કિરીટભાઇ પટેલઃ ૯ રોકાણકારો મારફતે રૂ. ૧૫,૧૬,૦૦૦.

૬.ધવલભાઇ છનાભાઇ ચૌધરીઃ રૂ. ૧૭,૩૦,૦૦૦.

૭.ગીતાબેન ગોપાલકૃષ્ણ કલરીકલઃ ૧૫ રોકાણકારો મારફતે રૂ. ૧૫,૦૨,૫૦૦.

આમ, કુલ મળીને રૂ. ૧,૦૨,૮૨,૦૦૦ ની છેતરપિંડી આચરવામાં આવી છે.

સુરતઃ લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે તે ઉક્તિ મુજબ, સુરત અને તાપી જિલ્લાના રોકાણકારોને ઉંચા વળતરની લાલચ આપી કરોડો રૂપિયાનું ફૂલેકું ફેરવનાર મલેશિયા સ્થિત કંપનીના સંચાલકો વિરુદ્ધ CID ક્રાઈમે ગુનો નોંધી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. વડોદરાથી કાર્યરત 'સ્પાર્ક વર્લ્ડ બરહાડ' નામની કંપનીએ રોકાણકારોને ૪૦૦ દિવસમાં નાણાં બમણા કરવાની અને દૈનિક ૧ ટકા સુધીના વળતરની લાલચ આપી કુલ રૂ.૧,૦૨,૮૨,૦૦૦ની છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે.

વ્યારાની જલારામ સોસાયટીમાં રહેતા અને સરકારી શિક્ષક તરીકે ફરજ બજાવતા મણીલાલ બાબલાભાઈ ગામીતનો તેમના જ વિસ્તારમાં રહેતા કાર્તિકભાઈ ચૌધરી (રહે. માથપુર, વ્યારા) સાથે સંપર્ક થયો હતો. કાર્તિક તથા તેમના સાથીદારો હેમંતભાઈ દિનેશભાઈ ચૌધરી, નિલય હસમુખભાઈ ચૌધરી અને હિતેષભાઈ ચંદુભાઈ ગામીતે વર્ષ ૨૦૨૨માં વ્યારાની આઈરીશ પ્લાઝા ખાતેની ઓફિસમાંથી આ સ્કીમનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. જ્યાં તેઓએ મણીલાલભાઈને સ્પાર્ક એપ્લિકેશન (Spark app. apk) દ્વારા યુ.એસ. ડોલરમાં રોકાણ કરવાથી રોજનું વળતર આપવાની ખાતરી આપી હતી.

જેથી તેમણે કુલ રૂ. ૨૬,૩૫,૦૦૦નું રોકાણ કર્યું હતું. શરૂઆતમાં એપમાં દૈનિક વળતર જમા થયું હતું. આરોપીઓએ ૭૩ રોકાણકારને મલેશિયા પ્રવાસ પણ કરાવ્યો હતો.

મલેશિયા ગયેલા રોકાણકારોએ જ્યારે કંપનીની ટ્રેડિંગ કામગીરી જોવાની માંગ કરી ત્યારે સંચાલકોએ ગલ્લાતલ્લા કર્યા હતા, જાન્યુઆરી-૨૦૨૩થી એપ્લિકેશન બંધ કરી દીધી હતી. રોકાણકારોએ જ્યારે વડોદરા સ્થિત મુખ્ય ઓફિસે તપાસ કરી ત્યારે તે બંધ જોવા મળી હતી આ બનાવની ફરિયાદ થતાં પોલીસે પ્રાણેશકુમાર પટેલ (રહે. આણંદ), મેક લી અને ટી ટી સ્ટીવ વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત તેમજ 'ધી બેનીંગ ઓફ અનરેગ્યુલેટેડ ડિપોઝિટ સ્કીમ એક્ટ' હેઠળ ગુનો નોંધ્યો છે.

# અલથાણમાં વેપારીની જાણ વગર બેંક ખાતું ખોલાવી દીધું

**ખોટા** યુઝરનેમ-પાસવર્ડ સેટ કરી નાણાકીય ગડબડ કરવાનો પ્રયાસ, બે સામે ગુનો નોંધાયો

સુરતઃ સુરત શહેરના અલથાણ વિસ્તારમાં ઈંડાની રેસ્ટોરન્ટ ચલાવતા એક વેપારીને બે અજાણ્યા શખ્સોએ બેંક ખાતું ખોલાવી આપવાની લાલચ આપી કરંટ એકાઉન્ટ ખોલાવી તેમાં ખોટા યુઝરનેમ-પાસવર્ડ સેટ કરી નાણાકીય ગડબડ કરવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે.

પાંડેસરા વિસ્તારના બાલાજી નગરમાં રહેતા આશિષકુમાર સંજયભાઈ બંસલ અલથાણના સંગીની સર્કલ પાસે "એગ સ્પાઈસ" નામે ઈંડાની રેસ્ટોરન્ટ ચલાવે છે. ફરિયાદ મુજબ, ૫ જાન્યુઆરી ૨૦૨૬ અગાઉ હરિઓમ અને પ્રિન્સ શ્રીવાસ્તવ નામના બે વ્યક્તિ તેમના સંપર્કમાં આવ્યા હતા. બંનેએ વેપારીને જણાવ્યું કે તેઓ બેંકમાં કરંટ એકાઉન્ટ ખોલાવી આપશે અને બદલામાં કમિશન પણ અપાશે. લાલચમાં આવી આશિષકુમારે પોતાના આધારકાર્ડ સહિત જરૂરી દસ્તાવેજો બંનેને સોંપ્યા હતા. આરોપ છે કે ડોક્યુમેન્ટના આધારે બંનેએ કરંટ એકાઉન્ટ ખોલાવી પાસબુક મેળવી લીધી. વધુમાં, એકાઉન્ટમાં રજિસ્ટર્ડ કરાયેલા મોબાઈલ નંબરનું સિમકાર્ડ પણ પોતાની પાસે રાખ્યું હતું. ત્યારબાદ એકાઉન્ટમાં પોતાના કબજાનો જમાવટ કરવા ખોટા યુઝરનેમ અને પાસવર્ડ બનાવી ઓનલાઈન ઍક્સેસ તૈયાર કરી હતી. વેપારીને શંકા જાગતા વિગતો તપાસતાં સમગ્ર બનાવ બહાર આવ્યો. તેમણે તાત્કાલિક અલથાણ પોલીસમથકે દોડી જઈ ફરિયાદ નોંધાવી હતી.

# કોસાડને હવે યુનિ. સુધીની સીધી બીઆરટીએસ કનેક્ટિવિટી મળશે

સુરતઃ કોસાડ વિસ્તારમાં અત્યાર સુધી જાહેર પરિવહન સેવા કોસાડ આવાસ સુધી સીમિત હતી. આ સેવા ગૃહમ સર્કલ સુધી લંબાવવાની માંગને ધ્યાનમાં રાખીને કોર્પોરેટરોએ મનપામાં સંયુક્ત રજૂઆત કરી હતી. તેના અનુસંધાને તા. ૨૩/૦૨/૨૦૨૬, સોમવારે સાંજે ૪ વાગ્યે આરોગ્ય સમિતિ ચેરમેન સોમનાથ મરાઠે અને વાઈસ ચેરમેન નિલેશ પટેલના હસ્તે કોસાડ તળાવ/ગૃહમ સર્કલ બીઆરટીએસ સ્ટોપનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. નવા બસ સ્ટોપ પરથી બીઆરટીએસ રૂટ નં. ૧૪, ૧૬, ૨૦ અને ૨૨ તેમજ સિટી બસ રૂટ નં. ૧૧૨, ૨૧૨ અને ૨૨૬ની સીધી સેવા ઉપલબ્ધ બનશે. હવે કોસાડથી ઓએનજીસી, ડીંડોલી, સચિન, ખરવરનગર, સરથાણા, રેલવે સ્ટેશન, ચોક તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુધીની સીધી કનેક્ટિવિટી મળશે.

# ડાયમંડ બુર્સમાં 250 ઓફિસ શરૂ થઈ ગયાનો દાવો

**ગચ્છાધિપતિ** શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબના પાવન પગલાં પડ્યાં



સુરત ડાયમંડ બુર્સ (SDB) માં વ્યાપારિક ગતિવિધિઓ તેજ બની છે. 4000 ઓફિસોમાંથી 250 ઓફિસો કાર્યરત થઈ છે. સાથે સુરત ડાયમંડ બ્રોકર એસોસિયેશનમાં ઉત્સાહનો માહોલ સાથે પુજ્ય ગચ્છાધિપતિ શ્રીઅભયદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબના પાવન પગલાં આજે SDB માં પડ્યા હતા. તા. 18 ફેબ્રુઆરીના રોજ અંદાજે 100 નવા વેપારીઓએ પોતાના કારોબારની શરૂઆત કરતા હવે કુલ મળીને લગભગ 250 ઓફિસો કાર્યરત થઈ છે, જેમાં અગાઉથી કાર્યરત 150 ઓફિસોનો પણ સમાવેશ થાય છે.આ વધતી વ્યાપારિક સક્રિયતાના પરિણામે બ્રોકરોમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બ્રોકરો દ્વારા 'સુરત ડાયમંડ બ્રોકર એસોસિયેશન' બનાવવામાં આવ્યું છે, જે SDB ખાતે વ્યવસાયિક પ્રવૃત્તિઓને વધુ સુવ્યવસ્થિત બનાવશે. વધુમાં SDB ના વાઈસ ચેરમેન લાલજીભાઈ પટેલ જણાવે છે કે સુરત ડાયમંડ બ્રોકર એસોસિયેશન (SDBA) દ્વારા એક WhatsApp હેલ્પલાઈન ગ્રુપ પણ શરૂ કરવામાં આવ્યું છે, જેના માધ્યમથી બ્રોકરોને આવવા-જવામાં અથવા અન્ય કોઈ સમસ્યા થાય તો તેઓ તરત જ મેસેજ કરી મદદ મેળવી શકે છે. નોંધનીય છે કે આ ગ્રુપ સાથે એક જ દિવસે અંદાજે 950 વધુ બ્રોકર જોડાઈ ગયા છે,હાલમાં દરરોજ 600થી વધુ બ્રોકર SDBની મુલાકાત લઈ રહ્યા છે અને વેપારીઓ વચ્ચે ડાયમંડના વ્યવહારોને સક્રિય રીતે આગળ ધપાવી રહ્યા છે. સુરત ડાયમંડ બુર્સ (SDB) ખાતે આજે વ્યાપારિક ગતિવિધિઓમાં નોંધપાત્ર તેજી જોવા મળી. આજના શુભ પ્રભાતે મંગળ મુહૂર્તમાં સવારે 6:30 વાગ્યે પુજ્ય ગચ્છાધિપતિ શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબના પાવન આગમનથી સમગ્ર પરિસર પવિત્ર બન્યું હતું.